જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૪/૦૫/૨૦૨૩   રવિવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-   સમાચાર યાદી નં.૭૮૪/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૦ કેસ કરી, ૨૦ વ્યક્તિઓને ઝડપી, ૨૨૭ લીટર દેશી દારૂ, ૦૬ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૧૩ ક્વૉટર ઈંગ્લીશ દારૂ, ૫૧ બીયરટીન, ૦૧ મોટર સાયકલ અને ૦૩ સ્કુટર કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-   સમાચાર યાદી નં.૭૮૫/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૮૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ-   સમાચાર યાદી નં.૭૮૬/૨૦૨૩

**વેજલપુરઃ** સંગીતાબહેન ગોવિંદભાઇ રૈયાણી (ઉ.વ.૪૪)(નોકરીઃ-ફડચા અધિકારી)(રહે.કેશવ આરાધના કુડાસણ ગાંધીનગર) એ તા.૧૩/૦૫/૨૦૨૩ ના રોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૭/૦૮/૨૦૨૨ થી તા.૩૧/૦૩/૨૦૨૩ સુધીના સમયગાળા દરમ્યાન બેંક ઓફ ઇન્ડીયા સરખેજ શાખા ખાતે આરોપી સિધ્ધિ વિનાયક ટ્રેડર્સ નામના બેંક ઑફ બરોડા નરોડા શાખાના બેંક ખાતા નંબર-૭૧૧૧૦૨૦૦૦૦૧૨૮૫ ના ધારક તથા તેના મળતીયા માણસો અને બેંક ઓફ ઇન્ડીયા સરખેજ શાખા તથા અન્ય બેંકોના જવાબદાર અધિકારી/કર્મચારીઓ ભેગામળી સંગીતાબહેનની “ધી ક્લાસીક કો.ઓ.બેંક.લી” (ફડચા હેઠળ)ના બનાવટી લેટરપેડનો ઉપયોગ કરી, તેમા ફડચા અધિકારી તરીકે સંગીતાબહેનના નામની બનાવટી સહીઓ કરી તથા સંગીતાબહેનની જાણ બહાર ફડચા અધિકારીના સિક્કાનો ઉપયોગ કરી, બેંક ઓફ ઇન્ડીયા સરખેજ શાખામા આ બનાવટી લેટરપેડ રજુ કરી “ધી ક્લાસીક કો.ઓ.બેંક.લી(ફડચા હેઠળ) ની બે અલગ અલગ ફિકસ ડીપોઝીટ ની રકમ મળી કુલ રૂપિયા ૨,૦૮,૦૦,૦૦૦/- સિધ્ધિ વિનાયક ટ્રેડર્સ ના “બેંક ઑફ બરોડા” નરોડા શાખાના બેંક ખાતા નંબર-૭૧૧૧૦૨૦૦૦૦૧૨૮૫ મા મેળવી લઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી કે.બી.રાજવી ચલાવે છે.

**ઘરફોડ ચોરીઃ-** **સમાચાર યાદી નં.૭૮૭/૨૦૨૩**

**કારંજઃ** અજરભાઇ અલાઉદ્દીન શેખ (ઉ.વ.૨૮)(રહે.પહેલો માળ, સૈયદ ચેમ્બર પાનકોર નાકા બિસ્કીટ ગલી કારંજ) એ કારંજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૩/૦૫/૨૦૨૩ બપોરના ૨/૦૦ થી ૩/૦૦ વાગ્યા દરમ્યાન પોતાની ચાની કીટલીના કાઉન્ટર ઉપરથી અજરભાઇ ની નજર ચુકવી તેમના રૂમના દરવાજાની લોકની ચાવી અજાણી વ્યક્તિએ ચોરી કરી, મકાનનું તાળુ ખોલી, રૂમમાં રાખેલ લોખંડની પેટીઓના તાળા તોડી, રોકડ રૂપિયા ૧,૧૧,૦૦૦/- ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.પી.મેઘવંશી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૭૮૮/૨૦૨૩**

**રીવરફ્રન્ટ ઇસ્ટઃ** હરીઓમ રામલાલ કોરી (ઉ.વ.૪૫)(રહે.મહાદેવનગર, ઔડાના મકાનમા નવા વાડજ) એ અગમ્ય કારણસર તા.૧૩/૦૫/૨૦૨૩ સવારના કલાક ૯/૦૫ વાગ્યા પેહલા સુભાષબ્રીજ પાસે, નારણઘાટ રીવરફ્રન્ટ વોક-વે નજીક નદીના પાણીમાં ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ ઇસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હરેશભાઇ લાભુભાઇ ચલાવે છે.

**કાગડાપીઠઃ** અલકાબહેન ઉત્તમચંદ જૈન (ઉ.વ.૫૦)(રહે.જલદીપ રેસીડેન્સી, ગોરધનવાડી ટેકરા, કાંકરીયા રોડ) એ અગમ્ય કારણસર તા.૧૩/૦૫/૨૦૨૩ સવારના ૧૦/૧૫ થી ૧૧/૧૫ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે નાયલોન દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે કાગડાપીઠ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.કે.મકવાણા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી